
## ધોરણ - 12 પછીની

# પ્રવેશ પરીક્ષાઓ

## અને

# સ્પર્ધાત્મક પરીક્ષાઓ






Sample output to test PDF Combine only

# ધો. 12 પછીની વિવિધ પરીક્ષાઓ

- ધો. 12 પાસ કર્યા બાદ રાજ્ય અને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીયકક્ષાએ અનેક પ્રકારની પ્રવેશ પરીક્ષાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રકારની પરીક્ષામાં ભાગ લેવા માટે વિદ્યાર્થી અને વાલીઓએ જાગૃત રહેવું જરૂરી છે. ઘણી વખત જાણકારીના અભાવના કારણે આ પ્રકારની પરીક્ષા આપવાનું ચુકી જવાય છે. વિવિધ સંસ્થાઓ દ્વારા આ પ્રકારની પ્રવેશ પરીક્ષા અને સ્પર્ધાત્મક પરીક્ષા વિશેની જાહેરાત અગ્રગણ્ય સમાચારપત્રોમાં આપવામાં આવતી હોય છે, જેથી નિયમિત રીતે સમાચારપત્ર વાંચતા રહેવું જરૂરી છે. સંસ્થા અને તેની પ્રવેશ પરીક્ષાને લગતી તમામ બાબતો વેબસાઈટ પર ઉપલબ્ધ હોય છે. વિદ્યાર્થીને જે સંસ્થામાં પ્રવેશ મેળવવો હોય તેની જાણકારી વેબસાઈટ વડે સૌપ્રથમ મેળવી લેવામાં આવે તે હિતાવહ છે. સંસ્થા વિશે વધુ માહિતી મેળવવા માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવામાં આવે તે જરૂરી છે.

- **ધો. 12 પછી ઉપલબ્ધ મુખ્ય પ્રવેશ પરીક્ષાઓ :**
  - JEE (Joint Entrance Examination)
  - NEET (National Eligibility Cum Entrance Test)
  - AIIMS (All India Institute of Medical Sciences)
  - NATA (National Aptitude Test in Architecture)
  - GUJCET (Gujarat Common Entrance Test)
  - PTPT (Pre-entry Test for Prospective Teachers)
  - SLS (School of Liberal Studies)
  - BITSAT (Birla Institute of Technoloy & Science Admission Test)
  - VITEEE (Vellore Institute of Technology Engineering Entrance Examination)
  - IIST (Indian Institute of Space Science and Technology)
  - IPM-AT (Integrated Programme in Management-Aptitude Test)
  - CLAT (Common Law Admission Test)
  - LSAT (Law School Admission Test)
  - CA-CPT (Chartered Accountancy - Common Proficiency Test)
  - NDA (National Defiance Academy)
  - SCRA (Special Class Railway Apprentice)
  - BSF (Border Security Force) વગેરે



Sample output to test PDF Combine only

- **<u>ધો. 12 પછી ઉપલબ્ધ મુખ્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ :</u>**
    - સ્ટાફ સિલેક્શન કમિશન (SSC)
    - રેલ્વે રિક્રૂટમેન્ટ બોર્ડ (RRB)
    - તલાટી કમ મંત્રી / રેવન્યુ તલાટી
    - સચિવાલય / બિન સચિવાલય વગેરે.



Sample output to test PDF Combine only

# પરીક્ષામાં સફળ થવા માટેની ટીપ્સ અને ટ્રિક્સ

- વિવિધ પ્રકારની પ્રવેશ પરીક્ષા અને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થવા માટે આપેલ ટીપ્સ અને ટ્રિક્સને અનુસરો :

**(1) સાચી દિશાની મહેનત**

➥ વિવિધ પ્રવેશ પરીક્ષા અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે સાચી દિશાની આયોજનબદ્ધ મહેનત કરવામાં આવે તો જ તે ઈચ્છિત પરિણામ આપી શકે છે. આ માટે ચોક્કસ પ્રકારની મહેનત કરવી જરૂરી છે.

**(2) યોગ્ય પ્લાનિંગ**

➥ ચોક્કસ પ્રકારનું પ્લાનિંગ કર્યા વિના સફળતા મળવી શક્ય નથી. ચોક્કસ, સ્પષ્ટ અને વાસ્તિવક ધ્યેય સાથે નક્કી કરવામાં આવે તો ચોક્કસથી સફળતા મળે છે. વિવિધ પાસાંઓને ધ્યાનમાં લઈને યોગ્ય પ્લાનિંગ કરીને યોગ્ય પ્રકારે મહેનત કરવામાં આવે તો ધારી સફળતા મેળવી શકાય છે.

**(3) સમય પાલન**

➥ પરીક્ષાની તૈયારી માટે પૂરતો સમય આપવો જરૂરી છે. સમયનું ચોક્કસ અને આયોજનબદ્ધ આયોજન કરવાથી જે તે વિષયમાં માસ્ટરી મેળવી શકાય છે. તે સફળતાની મુખ્ય ચાવી છે. મોબાઈલ, ટીવી, ગેમ્સ, ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા વગેરેમાં વધુ સમય બગાડ્યા વિના યોગ્ય સમયનું આયોજન કરવાથી ધારી સફળતા મેળવી શકાય છે.

**(4) આત્મવિશ્વાસ**

➥ આત્મવિશ્વાસ વિનાની મહેનત સફળતા ન આપાવી શકે. આત્મવિશ્વાસની સાથે જ હકારાત્મક અભિગમ હોવો પણ એટલો જ જરૂરી છે. જો પૂરતા આત્મવિશ્વાસ સાથે યોગ્ય દિશામાં મહેનત કરવામાં આવે તો ચોક્કસથી સફળતા મેળવી શકાય છે.

**(5) વિષયોની વહેંચણી**

➥ પરીક્ષાને લગતાં વિવિધ વિષયોની સમય અનુસાર વહેંચણી કરવી જરૂરી છે. યોગ્ય રીતે વિષયોની વહેંચણી કર્યા બાદ તેમાં નિયમિત રીતે મહેનત કરવાથી ચોક્કસથી સળથા મેળવી શકાય છે.

**(6) સ્વમૂલ્યાંકન**

➥ પરીક્ષા માટેની તૈયારી કર્યા બાદ તેનું નિયમિત રીતે સ્વમૂલ્યાંકન કરવું જરૂરી છે. સ્વમૂલ્યાંકન કરવાથી તમે ક્યા છો અને ક્યાં કેટલી મહેનતની જરૂર છે તેના વિશે માહિતી મેળવી શકાય છે.

➥

***"સફળ કારકિર્દી મેળવવા માટે જરૂર છે ફક્ત નિશ્ચિત ધ્યેય અને સચોટ લક્ષ"***



Sample output to test PDF Combine only

# JEE (Joint Entrance Examination)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) A અથવા AB ગ્રુપ |
| હેતુ | દેશભરની IITs, NITs, IIITs અને અગ્રગણ્ય ઈન્સ્ટિટ્યૂટ્સમાં પ્રવેશ માટે ફરજિયાત |
| પરીક્ષા પદ્ધતિ | JEE Main અને JEE Advanced એમ બે ભાગમાં કમ્પ્યૂટર આધારિત ટેસ્ટ |
| વેબસાઈટ | https://jeemain.nic.in અને https://jeeadv.ac.in |
| | |

- ધો. 12 વિજ્ઞાનપ્રવાહ બાદ ઈજનેરીક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે JEE ની પરીક્ષા આપવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષાના આધારે દેશની નામાંકિત એવી IITs, NITs, IIITs અને અન્ય અગ્રગણ્ય સંસ્થાઓમાં પ્રવેશ મેળવી શકાય છે. ગુજરાતના ગાંધીનગરમાં આવેલી IIT અને સુરતમાં આવેલી NIT માં JEE ની પ્રવેશ પરીક્ષાના આધારે એડમીશન મેળવી શકાય છે.
- JEE ની પ્રવેશ પરીક્ષા આપીને દેશની અગ્રગણ્ય એવી B.E./B. Tech., B. Arch., B. Planning ની કોલેજોમાં પ્રવેશ મેળવી શકાય છે.
- JEE પરીક્ષા બે ભાગમાં લેવામાં આવે છે : (1) JEE Main (2) JEE Advanced
- JEE Main માં પેપર-1 B.E./B.Tech. માટે તથા પેપર-2 B. Arch./B. Planning માટે હોય છે. પેપર-1 માં મેથ્સના 30 પ્રશ્નો 120 માર્ક્સના, ફિઝિક્સના 30 પ્રશ્નો 120 માર્ક્સના અને કેમેસ્ટ્રીના 30 પ્રશ્નો 120 માર્ક્સના એમ કુલ 360 માર્ક્સની કમ્પ્યૂટર બેઝ્ડ ટેસ્ટ લેવામાં આવે છે, જેમાં દરેક પ્રશ્નના 4 માર્ક્સ અને 1 માર્ક નેગેટીવ હોય છે. પેપર-2 માં મેથ્સના 30 પ્રશ્નો 120 માર્ક્સના, એપ્ટિટ્યૂડ ટેસ્ટના 50 પ્રશ્નો 200 માર્કસના અને ડ્રોઈંગ ટેસ્ટ 70 માર્ક્સની એમ કુલ 390 માર્ક્સની પરીક્ષા લેવામાં આવે છે, જેમાં દરેક પ્રશ્નના 4 માર્ક્સ અને 1 માર્ક નેગેટીવ હોય છે. અહીં, પરીક્ષાનો સમયગાળો 3 કલાકનો હોય છે. પ્રશ્નપત્રની ભાષા અંગ્રેજી, હિન્દી, ગુજરાતીમાંથી પસંદ કરી શકાય છે. પ્રવેશ પરીક્ષા પ્રવેશ પરીક્ષાના મેરીટના આધારે DAIICT, નિરમા, PDPU, અમદાવાદ યુનિવર્સિટી પ્રકારની અગ્રગણ્ય ઈન્સ્ટિટ્યુટમાં તેમજ NITs માં પ્રવેશ મેળવી શકાય છે. JEE Main વિશેની વિગતવાર માહિતી મેળવવા માટે https://jeemain.nic.in વેબસાઈટ ઉપયોગી બનશે.
- JEE Advanced ની પ્રવેશ પરીક્ષામાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ અને આર્કિટેક્ચર એપ્ટિટ્યુડ આધારિત કમ્પ્યૂટર બેઝ્ડ ટેસ્ટ લેવામાં આવે છે. JEE Advanced માં મેળવેલ All India Rank (AIR) ના આધારે દેશભરની અગ્રગણ્ય IITs માં પ્રવેશ આપવામાં આવે છે. JEE Advanced વિશેની વિગતવાર માહિતી મેળવવા માટે https://jeeadv.ac.in વેબસાઈટ ઉપયોગી બનશે.



Sample output to test PDF Combine only

# NEET (National Eligibility Cum Entrance Test)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) B અથવા AB ગ્રુપ |
| હેતુ | મેડિકલ અને ડેન્ટલક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે ઉપયોગી પ્રવેશ પરીક્ષા |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારના 180 પ્રશ્નો, કુલ ગુણ 720, સમય 3 કલાક |
| વેબસાઈટ | https://ntaneet.nic.in |

ધો. 12 વિજ્ઞાનપ્રવાહ બાદ તબીબી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે NEET-UG ની પરીક્ષા આપવી ફરજિયાત છે. તે રાષ્ટ્રીય કક્ષાની મેડિકલ અભ્યાસક્રમો માટેની પ્રવેશ પરીક્ષા છે. MIC અને DCI દ્વારા માન્ય તમામ MBBS અને BDS બેઠકો પર NEET-UG All India Rank (AIR) ના આધારે પ્રવેશ આપવામાં આવે છે.

- પ્રવેશ પરીક્ષામાં ધો. 11 અને 12 આધારિત ફિઝિક્સના 45 પ્રશ્નો, કેમેસ્ટ્રિના 45 પ્રશ્નો અને બાયોલોજી (બોટની અને ઝુઓલોજી) ના 90 પ્રશ્નો એમ કુલ 180 પ્રશ્નો અને દરેક પ્રશ્નના 4 ગુણ પ્રમાણે કુલ 720 ગુણનું પ્રશ્નપત્ર હોય છે અને આ માટે 3 કલાકનો સમય આપવામાં આવે છે.
- આ માટે વિધાર્થી ગુજરાત રાજ્યનું ડોમિસાઈલ ધરાવતો હોવો જોઈએ, ધો. 10 અને 12 ગુજરાત બોર્ડ અથવા ગુજરાતમાં આવેલ CBSC/ICSE/કેમ્બ્રિજ કે ઓપન સ્કુલમાંથી પાસ કરેલ હોવો જોઈએ
- NEET ની પ્રવેશપરીક્ષામાં આપવા જતી વખતે ખાસ પ્રકારના નિયમો અને ડ્રેસકોડનું પાલન કરવું જરૂરી છે.
- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી સિવાય કુલ 11 ભાષાઓમાંથી પસંદ કરી શકાય છે.
- પ્રવેશપરીક્ષા માટેનો અભ્યાસક્રમ www.mciindia.org વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
- ગુજરાતના તમામ મેડિકલ આધારિત MBBS, BDS, BAMS, BHMS, BNAY અભ્યાસક્રમમાં એડમિશન મેળવવા માટે ACPUGMEC (Admission Committee for Professional Under Graduate Medical Courses) ની www.medadmgujarat.org વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહે છે, જેમાં NEET-UG ના મેરીટના આધારે પ્રવેશ ફાળવવામાં આવે છે.
- ગુજરાતના તમામ પેરામેડિકલ આધારિત ફીઝીયોથેરાપી, ઓર્થોટીક્સ અને પ્રોસ્થેટીક્સ, ઓક્યુપેશનલ થેરાપી, ઓપ્ટોમેટ્રી, ઓડીયોલોજી અને સ્પીચ લેંગ્વેજ પેથોલોજી, નર્સીંગ પ્રકારના અભ્યાસક્રમમાં એડમિશન મેળવવા માટે ACGPNAMEC (Admission Committee for Gujarat Professional Nursing & Allied Medical Educational Courses) ની www.medadmgujarat.org વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહે છે, જેમાં NEET-UG ના મેરીટના આધારે પ્રવેશ ફાળવવામાં આવે છે.

***"સફળ કારકિર્દી બનાવીને ટોચ પર પહોંચવું હોય તો તમારા કામની શરૂઆત પાયાથી કરો."***



Sample output to test PDF Combine only

# AIIMS (All India Institute of Medical Sciences)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) B અથવા AB ગ્રુપ |
| હેતુ | MBBS, ડેન્ટલ, નર્સિંગ, બાયોટેક્નોલોજી અને પેરામેડીકલ આધારિત અભ્યાસક્રમ |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારના 200 પ્રશ્નો આધારિત ઓનલાઈન પરીક્ષા |
| વેબસાઈટ | www.aiimsexams.org |

- AIIMS (એમ્સ) એટલે કે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીઝ એ ભારતની અગ્રગણ્ય મેડિકલ કોલેજ છે, જેના દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરીક્ષા આપીને સમગ્ર ભારતમાં આવેલી AIIMS ની મેડિકલ કોલેજમાં એડમીશન મેળવી શકાય છે. ધો. 12 વિજ્ઞાનપ્રવાહમાં મેથ્સ, ફિઝિક્સ અને બાયોલોજી વિષય સાથે પાસ કરેલ વિધાર્થીઓ આ પ્રવેસ પરીક્ષા આપી શકે છે. AIIMS અને તેમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમ વિશે માહિતી મેળવવા માટે www.aiims.edu વેબસાઈટ ઉપયોગી બનશે.
- ધો. 12 વિજ્ઞાનપ્રવાહ બાદ તબીબી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે અને સમગ્ર ભારતમાં આવેલી કુલ 15 જેટલી AIIMS ની MBBS બેઠકો પર એડમિશન લેવા માટે પ્રવેશ પરીક્ષા આપવામાં લેવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષા AIIMS, નવી દિલ્હી દ્વારા લેવામાં આવે છે. જો કે AIIMS માં MBBS ઉપરાંત ડેન્ટલ, નર્સિંગ, બાયોટેક્નોલોજી અને પેરામેડીકલ આધારિત અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.
- તેમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને જનરલ નોલેજ આધારિત કુલ 200 પ્રશ્નો અને 200 માર્ક્સની કમ્પ્યૂટર આધારિત ટેસ્ટ લેવામાં આવે છે.



Sample output to test PDF Combine only

# NATA (National Aptitude Test in Architecture)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) A ગ્રુપ |
| હેતુ | આર્કિટેક્ચર ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે ઉપયોગી પ્રવેશ પરીક્ષા |
| પરીક્ષા પદ્ધતિ | મેથ્સ, જનરલ એપ્ટિટ્યુડ, ડ્રોઈંગને લગતાં ત્રણ પેપર્સ આધારિત પ્રવેશ પરીક્ષા |
| વેબસાઈટ | http://www.nata.in |

- આર્કિટેક્ચર ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે ધ કાઉન્સીલ ઓફ આર્કિટેક્ચર (CoA), નવી દિલ્હી દ્વારા લેવામાં NATA પ્રવેશ પરીક્ષા આવતી જરૂરી છે.
- તેની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવે છે. પ્રથમ ભાગમાં કમ્પ્યૂટર આધારિત ઓનલાઇન પરીક્ષા લેવામાં આવે છે, જ્યારે બીજા ભાગમાં ડ્રોઈંગ આધારિત પરીક્ષા લેવામાં આવે છે. તેમાં મેથ્સના 20 પ્રશ્નોના 40 માર્ક્સ, જનરલ એપ્ટિટ્યુડના 40 પ્રશ્નોના 80 માર્ક્સ આધારિત કુલ 120 માર્ક્સની ઓનલાઇન ઓબ્જેક્ટિવ પ્રશ્નો આધારિત એક કલાકની પરીક્ષા લેવામાં આવે છે તથા ડ્રોઈંગની 80 માર્ક્સની 2 કલાકની પરીક્ષા લેવામાં આવે છે

***"કારકિર્દી જાહેરમાં જ્યારે પ્રતિભા અંગત રીતે ઘડાતી હોય છે, પ્રતિભાશાળી હશો તો કારકિર્દીને સન્માન મળશે."***



Sample output to test PDF Combine only

# GUJCET (Gujarat Common Entrance Test)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) |
| હેતુ | એન્જિનિયરિંગ અને ફાર્મસી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે ઉપયોગી પ્રવેશ પરીક્ષા |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારના 120 પ્રશ્નો આધારિત ઓફલાઇન પરીક્ષા |
| વેબસાઈટ | www.gseb.org, www.jacpcldce.ac.in, www.gujacpc.nic.in |

- ગુજરાતની તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાઓની સ્વેચ્છાએ સુપ્રત કરેલી સંચાલક મંડળની બેઠકો આધારિત એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ધો. 12 ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ વિષય સાથે ચાલુ વર્ષે ગુજકેટની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. અહીં, ધો. 12 PCM વિષયોમાં થિયરીમાં મેળવેલાં પર્સેન્ટાઈલના 60 % અને ગુજકેટના PCM વિષયોમાં મેળવેલાં પર્સેન્ટાઈલના 40 % ના આધારે મેરીટ તૈયાર કરવામાં આવે છે. અહીં, મેળવેલા મેરીટના આધારે DAIICT, નિરમા, PDPU, અદાણી, અમદાવાદ યુનિવર્સિટી, IITRAM જેવી સંસ્થાઓમાં ઉપલબ્ધ ACPC ક્વોટમાં પ્રવેશ મેળવી શકાય છે. આ સિવાય ગુજરાતની તમામ GTU (Gujarat Technological University) સંલગ્ન એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવી શકાય છે. આ માટેની પ્રવેશ પ્રક્રિયા ACPC (The Admission Committee for Professonal Course) દ્વારા કરવામાં આવે છે, જે માટે www.jacpcldce.ac.in અને www.gujacpc.nic.in વેબસાઈટ ઉપયોગી છે.
- ગુજરાતની તમામ ફાર્મસી કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ધો. 12 ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ અથવા બાયોલોજી સાથે અને ગુજકેટની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. અહીં, ધો. 12 ના 60 % અને ગુજકેટના 40 % ના આધારે મેરીટ તૈયાર કરવામાં આવે છે. આ માટેની પ્રવેશ પ્રક્રિયા ACPC (Admission Committee for Professonal Course) દ્વારા કરવામાં આવે છે, જે માટે www.jacpcldce.ac.in અને www.gujacpc.nic.in વેબસાઈટ ઉપયોગી છે.
- ગુજરાતની કૃષિ આધારિત અગ્રીકલ્ચર યુનિવર્સિટીના વેટરનરી, એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર, ફિશરીઝ, ફોરેસ્ટ્રી, બાયો ટેક્નોલોજી, એગ્રિકલ્ચર આઈટી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ધો. 12 ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી વિષય સાથે ગુજકેટની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. આ માટેની પ્રવેશ પ્રક્રિયા GSAUCA (Gujarat State Agricultural Universities Common Admission) દ્વારા કરવામાં આવે છે, જે માટે વેબસાઈટ www.gsauca.in ઉપયોગી છે.



Sample output to test PDF Combine only

# PTPT (Pre-entry Test for Prospective Teachers)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (સામાન્યપ્રવાહ / વિજ્ઞાનપ્રવાહ) |
| હેતુ | ટીચર્સ યુનિવર્સિટીમાંથી બેચલરની સાથે બીએડની ડીગ્રી મેળવવા |
| પરીક્ષા પદ્ધતિ | જનરલ નોલેજ, અંગ્રેજી, ICT વગેરે આધારિત ઓબ્જેક્ટિવ પરીક્ષા |
| વેબસાઈટ | www.iite.ac.in |

- ગુજરાત રાજ્યની સૌપ્રથમ અને ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (IITE) ટીચર્સ યુનિવર્સિટીમાંથી ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ આધારિત B.Sc. B.Ed. અને B.A. B.Ed. કરવા માટે PTPT ની પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી છે. સામાન્ય રીતે B.Sc./B.A. ના ત્રણ વર્ષ અને B.Ed. ના બે વર્ષ આધારિત અભ્યાસક્રમમાં કુલ પાંચ વર્ષ થાય છે, પરંતુ આ જ અભ્યાસક્રમ ટીચર્સ યુનિવર્સિટીમાંથી 4 વર્ષમાં કરી શકાય છે.
- હાલમાં B.A. B.Ed. ને અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ભૂગોળ અથવા અર્થશાસ્ત્ર પ્રકારના વિષય સાથે કરી શકાય છે, જ્યારે B.Sc. B.Ed. ને ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ અથવા બોટની વિષય સાથે કરી શકાય છે. હાલમાં આ બંને અભ્યાસક્રમમાં કુલ 100-100 બેઠકો સાથે કુલ 200 બેઠકો ઉપલબ્ધ છે.
- આ પ્રવેશ પરીક્ષામાં સામાન્ય જ્ઞાન, કમ્યુનિકેશન સ્કીલ ઈન ઈંગ્લિશ, રિઝનીંગ એન્ડ ન્યુમરીકલ એબીલીટી, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી, લોજીકલ એન્ડ એનાલિટીકલ એબીલીટી તથા ક્રિએટીવ, ઈનોવેશન એન્ડ પ્રોબ્લેમ સોલ્વીંગ એમ દરેકના ટોપીકમાંથી 20 માર્કસના ઓબ્જેક્ટીવ પ્રશ્નો આધારિત કુલ 120 માર્કસનું પ્રશ્નપત્ર હોય છે, જે માટે 1.30 કલાકનો સમય આપવામાં આવે છે. પ્રશ્નપત્રનું માધ્યમ અંગ્રજી રહેશે. આ પ્રવેશ પરીક્ષામાં 50 ટકા ગુણ મેળવવા જરૂરી છે. આ પ્રવેશ પરીક્ષા ગુજરાતના અનેક શહેરોમાંથી આપી શકાય છે.
- PTPT પ્રવેશ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કર્યા બાદ PET (Profession Entry Test) નામની અન્ય પરીક્ષા આપવાની રહે છે, જેમાં ટીચીંગ એપ્ટીટ્યુડ આધારિત રીલેશન ટુ ક્લાસરૂમ ઈન્ટરેક્શન, ટીચર-સ્ટુડન્ટ રેલેશન્સ, સ્કુલ એન્વાયર્નમેન્ટ એન્ડ સોસાયટી ટોપીક આધારિત 40 ઓબ્જેક્ટીવ પ્રશ્નો અને કુલ 80 ગુણની પરીક્ષા આપવાની રહે છે, જે માટે 1 કલાકનો સમય આપવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષા ફક્ત ગાંધીનગર ખાતેના યુનિવર્સિટી કેમ્પસ ખાતે લેવામાં આવે છે.
- PTPT ના 40% અને PET ના 60% ના મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. હાલમાં આ પરીક્ષાના મેરીટમાં ટોપ પાંચમાં ક્રમ મેળવનાર વિધાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે.



Sample output to test PDF Combine only

# SLS (School of Liberal Studies)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (સામાન્યપ્રવાહ / વિજ્ઞાનપ્રવાહ) |
| હેતુ | લિબરલ સ્ટડીઝ આધારિત અભ્યાસક્રમ કરી કોર્પોરેટ જગતનું એક્સ્પોઝર મેળવવા |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારના 100 પ્રશ્નોની એપ્ટિટ્યુડ ટેસ્ટ, નિંબધ લેખન, ઈન્ટરવ્યૂ |
| વેબસાઈટ | http://sls.pdpu.ac.in |

- ગુજરાત રાજ્યની સૌપ્રથમ અને ગાંધીનગર સ્થિત પેટ્રોલિયમ યુનિવર્સિટી એવી પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU), ગાંધીનગરની લિબલર સ્ટડીઝ આધારિત અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે SLS ની પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી છે.
- તેમાં B.A./B.B.A./B.Com./B.Sc. (Hons.) ને લગતો ચાર વર્ષનો અભ્યાસક્રમ છે. આ અભ્યાસક્રમ કરવાથી વિદ્યાર્થીઓને કોર્પોરેટ જગતમાં એક્સ્પોઝર મળે છે તેમજ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ વિદેશ જવાની તક મળે છે.
- B.A./B.B.A. માટે ધો. 12 કોઈ પણ સ્ટ્રીમ સાથે, B.Com. માટે ધો. 12 કોમર્સ સ્ટ્રિમ સાથે અને B.Sc. માટે ધો. 12 વિજ્ઞાનપ્રવાહ સ્ટ્રિમ સાથે પાસ હોવું જરૂરી છે.
- SLS માં એપ્ટિટ્યુડ ટેસ્ટ, ક્રિએટીવ નિબંધ લેખન અને પર્સનલ ઈન્ટરવ્યૂના આધારે પ્રવેશ મળે છે.
- આ પ્રવેશ પરીક્ષાની એપ્ટિટ્યુડ ટેસ્ટમાં જનરલ નોલેજના 40 પ્રશ્નો, વર્બલ એબિલીટીના 20 પ્રશ્નો, ક્વોન્ટિટેટિવ એબિલીટીના 20 પશ્નો અને લોજિકલ રિઝોનીંગના 20 પ્રશ્નો મળી કુલ 100 પ્રશ્નો અને 100 માર્ક્સ માટે 1.30 કલાકનો સમય આપવામાં આવે છે. તેમાં નેગેટિવ માર્કિંગ નથી.
- એપ્ટિટ્યુડ ટેસ્ટમાં મેરીટ આધારિત વિદ્યાર્થીઓનો ક્રિએટીવ નિબંધ લેખન અને પર્સનલ ઈન્ટરવ્યુ લેવામાં આવે છે.
- અંતે, એપ્ટિટ્યૂડ ટેસ્ટના 50 %, ક્રિએટીવ નિબંધ લેખનના 25 % અને પર્સનલ ઈન્ટરવ્યૂના 25 % એમ કુલ 100 %ના આધારે મેરીટ તૈયાર કરીને પ્રવેશ આપવામાં આવે છે.
- આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું હોય છે, જેની પ્રવેશ પરીક્ષા મે માસમાં યોજાય છે.
- ઓલ ઈન્ડિયા એન્ટ્રન્સ ટેસ્ટના સેન્ટર ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર સિવાય બેંગલુરુ, ઈન્દોર, કોલકાતા, મુંબઈ, ન્યુ દિલ્હી, ઉદયપુર વગેરે હોય છે.
- આ અભ્યાસક્રમની સાથે જ ક્રિએટીવ અને મલ્ટિ ટેલેન્ટેડ વિદ્યાર્થીઓને થિયેટર, મ્યુઝિક, પેઈન્ટિંગ, લિડરશીપ, કવિતા પ્રકારની અનેક પ્રવૃત્તિઓ અને અનેક વિષયો શીખવાની તક મળે છે.
- આ પ્રવેશ પરીક્ષા માટેના ફોર્મ એપ્રિલ મહિનામાં અને પ્રવેશ પરીક્ષા મે મહિનામાં યોજાય છે.
- મોટા ભાગે આ પ્રવેશ પરીક્ષાની જાહેરાત એપ્રિલ મહીનામાં આવતી હોય છે અને પ્રવેશ પરીક્ષા મે મહીનામાં યોજાતી હોય છે.



Sample output to test PDF Combine only

## **BITSAT (Birla Institute of Technoloy & Science Admission Test)**

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) |
| હેતુ | પ્રિમીયર ઇન્સ્ટિટ્યુટમાં પ્રવેશ મેળવી એન્જિનીયરીંગ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા |
| પરીક્ષા પદ્ધતિ | NCERT અભ્યાસક્રમ આધારિત ઓનલાઇન ઓબ્જેક્ટિવ પરીક્ષા |
| વેબસાઇટ | www.bitsadmission.com |

- બીટ્સ પિલાની જેવી અગ્રગણ્ય ઇન્સ્ટિટ્યૂટમાં એડમિશન મેળવવા માટે BITSAT ની પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી છે. તેમાં એન્જિનીયરીંગ, સાયન્સ, ટેક્નોલોજી, ફાર્મસી, મેનેજમેન્ટ આધારિત અભ્યાસક્રમમાં કારકિર્દી બનાવી શકાય છે.
- ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) A ગ્રુપના વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ, સાયન્સ, ટેક્નોલોજી આધારિત અભ્યાસક્રમમાં જ્યારે ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) B ગ્રુપના વિદ્યાર્થીઓ B. Pharm ના અભ્યાસક્રમમાં જોડાઇ શકે છે.
- તેમાં NCERT ના ફિઝિક્સ, કેમેસ્ટ્રી, અંગ્રેજી, લોજીકલ રિઝનીંગ, મેથ્સ/બાયોલોજીના અભ્યાસક્રમ આધારિત 3 કલાકની ઓનલાઇન ઓબ્જેક્ટિવ પરીક્ષા લેવામાં આવે છે. તેના સેમ્પલ પેપર્સ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
- બિરલા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી સંસ્થા પિલાની (રાજસ્થાન) સિવાય ગોવા, હૈદરાબાદ અને દુબઈમાં આવેલી છે.



Sample output to test PDF Combine only

## VITEEE (Vellore Institute of Technology Engineering Entrance Examination)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) |
| હેતુ | પ્રિમીયર ઈન્સ્ટિટ્યુટમાં પ્રવેશ મેળવી એન્જિનીયરીંગ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા |
| પરીક્ષા પદ્ધતિ | કમ્પ્યૂટર બેઝ્ડ ઓનલાઈન ઓબ્જેક્ટિવ પ્રશ્નો આધારિત પરીક્ષા |
| વેબસાઈટ | www.vit.ac.in |

- ભારતની નામાંકિત એન્જિનિયરિંગ સંસ્થામાં વેલ્લોર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી (VIT) નો સમાવેશ થાય છે, જેમાં B. Tech. આધારિત વિવિધ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકાય છે.
- તેમાં એડમિશન લેવા માટે સંસ્થા દ્વારા લેવામાં આવતી ખાસ પ્રવેશ પરીક્ષા VITEEE આપવી જરૂરી છે.
- વિદ્યાર્થી VITEEE ના મેરીટના આધારે વેલ્લોર સિવાય ચેન્નઈ, ભોપાલ કે અમરાવતી (આંધ્રપ્રદેશ) પૈકી કોઈ પણ કેમ્પસમાં પ્રવેશ મેળવી શકે છે.
- તેમાં કમ્પ્યૂટર આધારિત ઓબ્જેક્ટિવ પ્રશ્નોની ઓનલાઈન પરીક્ષા લેવામાં આવે છે, જેમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ/બાયોલોજી, અંગ્રેજી વિષય આધારિત પ્રશ્નપત્ર હોય છે. ધો. 12 વિજ્ઞાનપ્રવાહ અને VITEEE પરીક્ષા મેથ્સ સાથે પાસ કરનાર વિદ્યાર્થી B. Tech. પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવી શકે છે, જ્યારે બાયોલોજી પાસ કરનાર વિદ્યાર્થી B. Tech. બાયોટેક્નોલોજી, બાયોએન્જિનિયરિંગ, બાયોઈન્ફોર્મેટીક્સ, બાયોમેડિકલ એન્જિનિયરિંગ આધારિત પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવી શકે છે.



Sample output to test PDF Combine only

# IIST (Indian Institute of Space Science and Technology)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) A ગ્રુપ |
| હેતુ | સ્પેસ સાયન્સ અને ટેક્નોલોજીમાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓ માટે ઉત્તમ વિકલ્પ |
| પરીક્ષા પદ્ધતિ | JEE (Advanced) આધારિત |
| વેબસાઈટ | www.iist.ac.in |

- સ્પેસ સાયન્સમાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓ માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા JEE Advanced ના આધારે પ્રવેશ આપવામાં આવે છે.
- ભારત સરકારની આ સંસ્થામાં 4 વર્ષના બી.ટેક. (એરોસ્પેસ એન્જિનિયરિંગ) અને બી. ટેક. (ઈલેક્ટ્રોનિક્સ અને કમ્યુનિકેશન એન્જિનિયરિંગ) નો તથા 5 વર્ષનો ડ્યુઅલ ડિગ્રી આધારિત બી.ટેક. સાથે માસ્ટર ઓફ સાયન્સ/માસ્ટર ઓફ ટેક્નોલોજીનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.
- તેમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીએ ધો. 12 વિજ્ઞાનપ્રવાહમાં મેથ્સ, ફિઝીક્સ, કેમેસ્ટ્રી સાથે પાસ કરીને JEE Advanced ના મેરીટના આધારે વિદ્યાર્થીઓ તેની પ્રવેશ પરીક્ષા આપી શકે છે.



Sample output to test PDF Combine only

# IPM-AT (Integrated Programme in Management-Aptitude Test)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 |
| હેતુ | મેનેજમેન્ટ ક્ષેત્રમાં રસ ધરાવતાં અને MBA માં કારકિર્દી બનાવવા માટેનો ઉત્તમ વિકલ્પ |
| પરીક્ષા પદ્ધતિ | એપ્ટીટ્યુડ ટેસ્ટ, લેખિત પરીક્ષા, પર્સનલ ઈન્ટરવ્યુ |
| વેબસાઈટ | www.iimidr.ac.in |

- મોટા ભાગના વિદ્યાર્થીઓને IIM એટલે કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં પ્રવેશ મેળવવાની ઈચ્છા હોય છે. વળી, તેમાંથી અભ્યાસ પૂર્ણ કરેલાં વિદ્યાર્થીઓ મહત્તમ પેકેજનો રેકોર્ડ ધરાવે છે.
- IIM-I એટલે કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ - ઈન્દોર દ્વારા લેવાતા પાંચ વર્ષના મેનેજમેન્ટ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે IMP-AT (ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ – એપ્ટિટ્યુડ ટેસ્ટ) ની પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી છે.
- આ પ્રવેશ પરીક્ષા ધો. 12 ની પરીક્ષા કોઈ પણ પ્રવાહમાંથી 60% સાથે પાસ કરેલી હોય તે આપી શકે છે.
- આ પ્રવેશ પરીક્ષાના આધારે વિદ્યાર્થીઓ પાંચ વર્ષના ઈન્ટિગ્રેટેડ MBA અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.
- આ માટે કુલ ત્રણ ભાગમાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે.
- પ્રથમ ભાગમાં એપ્ટીટ્યુડ ટેસ્ટ હેઠળ ક્વોન્ટીટેટીવ એબીલીટી (ઓબ્જેક્ટીવ પ્રશ્નો) ના 40 પશ્નો, ક્વોન્ટીટેટીવ એબીલીટી (શોર્ટ આન્સર) ના 20 પ્રશ્નો અને વર્બલ એબીલીટી (ઓબ્જેક્ટીવ પ્રશ્નો) ના 40 પ્રશ્નો મળીને કુલ 120 ગુણની પરીક્ષા માટે 2 કલાકનો સમય આપવામાં આવે છે.
- પ્રથમ ભાગમાં પાસ થયેલાં ઉમેદવારોમાંથી મેરીટના આધારે બીજા ભાગની WAT (Written Test Ability) અને ત્રીજા ભાગની PI (Personal Interview) ની પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે.
- અંતે, એપ્ટીટ્યૂડ ટેસ્ટના 50 ટકા, પર્સનલ ઈન્ટરવ્યૂના 35 ટકા અને લેખિત પરીક્ષાના 15 ટકાના મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવે છે.
- મોટા ભાગે આ પ્રવેશ પરીક્ષાની જાહેરાત માર્ચ મહીનામાં આવતી હોય છે અને એપ્ટીટ્યૂડ ટેસ્ટ મે મહીનામાં યોજાતી હોય છે.



Sample output to test PDF Combine only

# CLAT (Common Law Admission Test)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ / સામાન્યપ્રવાહ) |
| હેતુ | પરંપરાગત LL.B. ના સ્થાને ઈન્ટિગ્રેટેડ ગ્રેજ્યુએશન+LL.B. કોર્ષમાં કારકિર્દી બનાવવા |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારના 200 પ્રશ્નો, નેગેટીવ માર્ક 0.25, સમય 2 કલાક |
| વેબસાઈટ | https://clatconsortiumofnlu.ac.in |

- CLAT પરીક્ષા પાસ કરવાથી નેશનલ લૉ યુનિવર્સિટી સંલગ્ન રાજ્યની લૉ યુનિવર્સિટીમાં પ્રવેશ મળે છે.
- ધો. 12 માં કોઈ પણ સ્ટ્રીમ પછી 5 કે 6 વર્ષના ગ્રેજ્યુએશન + LL.B. ના ઈન્ટિગ્રેટેડ કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે CLAT પરીક્ષા આપવી જરૂરી છે.
- છેલ્લા ઘણાં વર્ષોથી પરંપરાગત LL.B. કરવાના સ્થાને ધો. 12 પછી ગ્રેજ્યુએશન + LL.B. ના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાનું ચલણ વધ્યું છે.
- તેમાં B.A./B.Com./B.Sc./B.B.A./B.L.S સાથે LL.B. ના 5 વર્ષ તથા B.Tech. સાથે LL.B. ના 6 વર્ષ થાય છે.
- અહીં, B.A./B.Com/B.B.A./B.L.S. માટે ધો. 12 કોઈ પણ સ્ટ્રીમ સાથે, B.Sc. માટે ધો. 12 વિજ્ઞાન પ્રવાહ કોઈ પણ ગ્રૂપ સાથે તથા B.Tech. માટે ધો. 12 વિજ્ઞાન પ્રવાહ A ગ્રુપ સાથે પાસ હોવું જરૂરી છે.
- CLAT ની પ્રવેશ પરીક્ષામાં લિગલ એપ્ટિટ્યુડના 50 પ્રશ્નો, જનરલ નોલેજના 50 પ્રશ્નો, લોજિક/તાર્કિકના 40 પ્રશ્નો, અંગ્રેજીના 40 પ્રશ્નો અને ગણિતના 20 પ્રશ્નો એમ કુલ 200 પ્રશ્નો અને કુલ 200 માર્ક્સના ઓબ્જેક્ટિવ પ્રશ્નો હોય છે, જેના માટે 2 કલાકનો સમય આપવામાં આવે છે. અહીં, 0.25 નેગેટિવ માર્ક છે.
- આ પ્રવેશ પરીક્ષાની જાહેરાત મોટા ભાગે જાન્યુઆરી મહીનામાં આવે છે અને પ્રવેશ પરીક્ષા મે મહીનામાં યોજાય છે.
- ખાસ નોંધ લેશો કે – દિલ્હીની નેશનલ લૉ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે CLAT કે LSAT ના બદલે AILET ની પ્રવેશ પરીક્ષા આપવાની રહે છે.



Sample output to test PDF Combine only

# LSAT (Law School Admission Test)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ / સામાન્યપ્રવાહ) |
| હેતુ | પરંપરાગત LL.B. ના સ્થાને ઈન્ટિગ્રેટેડ ગ્રેજ્યુએશન+LL.B. કોર્ષમાં કારકિર્દી બનાવવા |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારના 100 પ્રશ્નો, સમય 2 કલાક 20 મિનિટ |
| વેબસાઈટ | www.pearsonvueindia.com/lsatindia |

- LSAT પરીક્ષા પાસ કરવાથી નેશનલ લો યુનિવર્સિટી સંલગ્ન ખાનગી કોલેજમાં પ્રવેશ મળે છે.
- ધો. 12 માં કોઈ પણ સ્ટ્રીમ પછી 5 કે 6 વર્ષના ગ્રેજ્યુએશન + LL.B. ના ઈન્ટિગ્રેટેડ કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે CLAT પરીક્ષા આપવી જરૂરી છે.
- છેલ્લા ઘણાં વર્ષોથી પરંપરાગત LL.B. કરવાના સ્થાને ધો. 12 પછી ગ્રેજ્યુએશન + LL.B. ના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાનું ચલણ વધ્યું છે.
- તેમાં B.A./B.Com./B.Sc./B.B.A./B.L.S સાથે LL.B. ના 5 વર્ષ તથા B.Tech. સાથે LL.B. ના 6 વર્ષ થાય છે.
- અહીં, B.A./B.Com/B.B.A./B.L.S. માટે ધો. 12 કોઈ પણ સ્ટ્રીમ સાથે, B.Sc. માટે ધો. 12 વિજ્ઞાન પ્રવાહ કોઈ પણ ગ્રૂપ સાથે તથા B.Tech. માટે ધો. 12 વિજ્ઞાન પ્રવાહ A ગ્રુપ સાથે પાસ હોવું જરૂરી છે.
- LSAT ની પ્રવેશ પરીક્ષામાં એનાલિટીકલ રિઝનીંગના 25 પ્રશ્નો, લોજીકલ રિઝનીંગના 50 પ્રશ્નો અને રીડિંગ કોમ્પ્રીહેન્શનના 25 પ્રશ્નો આધારિત કુલ 100 ઓબ્જેક્ટિવ પ્રશ્નો માટે 2 કલાક 20 મિનિટનો સમય આપવામાં આવે છે. તેની ઓફિશિયલ વેબસાઈટ પર સેમ્પલ ટેસ્ટ ઉપલબ્ધ છે.
- આ પ્રવેશ પરીક્ષાની જાહેરાત મોટા ભાગે ઓક્ટોબર મહીનામાં આવે છે અને પ્રવેશ પરીક્ષા મે મહીનામાં યોજાય છે.
- ખાસ નોંધ લેશો કે – દિલ્હીની નેશનલ લો યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે CLAT કે LSAT ના બદલે AILET ની પ્રવેશ પરીક્ષા આપવાની રહે છે.

***" સમયનું યોગ્ય દિશામાં આયોજન કરવાથી સફળ કારકિર્દીનું આયોજન થાય છે. "***



Sample output to test PDF Combine only

## CA-CPT (Chartered Accountancy - Common Proficiency Test)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 |
| હેતુ | એન્ટ્રી લેવલ પરીક્ષા પાસ કરીને CA બનવાની દોડમાં આગળ વધવા |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રશ્નપત્ર, જેની ભાષા અંગ્રેજી કે હિન્દી પૈકી કોઈ પણ પસંદ કરી શકાય |
| વેબસાઈટ | https://icaiexam.icai.org |

- CA (Chartered Accountants) ના એન્ટ્રી લેવલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવતી કોમન પ્રોફિશિયન્સી ટેસ્ટ આપવી જરૂરી છે. આ પરીક્ષા મોટા ભાગે વર્ષમાં બે વખત જૂન અને ડિસેમ્બરમાં લેવામાં આવે છે.
- આ પ્રવેશ પરીક્ષા ફક્ત એન્ટ્રી લેવલ છે, જેના આધારે બીજા લેવલમાં પ્રવેશ મળે છે.
- આ પ્રવેશ પરીક્ષા પેન-પેપર મોડ આધારિત અને બે ભાગમાં લેવામાં આવે છે. જેના પ્રથમ ભાગમાં ફંડામેન્ટલ ઓફ એકાઉન્ટિંગ અને મર્કેન્ટાઈલ લૉ આધારિત પ્રશ્નપત્ર હોય છે, જ્યારે બીજા ભાગમાં જનરલ ઈકોનોમીક્સ અને ક્વોન્ટિટેટીવ એપ્ટીટ્યુડ આધારિત પ્રશ્નપત્ર અંગ્રેજી અથવા હિન્દી આધારિત હોય છે. તેમાં સાચા જવાબ માટે 1 માર્ક આપવામાં આવે છે, જ્યારે ખોટા જવા માટે 0.25 ગુણ કાપી લેવામાં આવે છે.

***"સફળ કારકિર્દી બનાવવા માટે ઈચ્છાશક્તિ એ કાબેલિયતથી વધારે તાકતવર હોય છે."***

## NDA (National Defiance Academy)



Sample output to test PDF Combine only

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) |
| હેતુ | ભારતીય લશ્કરી દળમાં સાહસપૂર્ણ કારકિર્દી બનાવવા માટે |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રશ્નો આધારિત મેથ્સ અને જનરલ એબિલિટીના બે પ્રશ્નપત્ર |
| વેબસાઇટ | www.upsconline.nic.in અને https://upsc.gov.in |

- ભારતીય લશ્કરી દળની ત્રણેય પાંખ આર્મી, નેવી અને એરફોર્સમાં સાહસપૂર્ણ, ગૌરવપ્રદ અને રોમાંચક કારકિર્દી બનાવવા માટે NDA ની પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી છે.
- દેશ સેવા કરવા ઇચ્છતાં યુવા વિદ્યાર્થીઓ માટે ઇન્ડિયન આર્મી, નેવી કે એરફોર્સમાં જોડાવા માટેની ગૌરવપૂર્ણ કારકિર્દી બનાવવાનું અનેક વિદ્યાર્થીઓનું સપનું હોય છે અને તેઓ આ પરીક્ષાની આતુરતાપૂર્વક રાહ જોતાં હોય છે.
- આ પરીક્ષા UPSC (Union Public Service Commission) દ્વારા વર્ષમાં બે વખત લેવામાં આવે છે. આ માટેની જાહેરાત એમ્પ્લોયમેન્ટ ન્યુઝ પેપરમાં આપવામાં આવે છે.
- આ માટેની પ્રવેશ પરીક્ષા ઓબ્જેક્ટિવ પ્રશ્નો આધારિત હોય છે. તે બે ભાગમાં લેવામાં આવે છે, જેના પ્રથમ ભાગમાં મેથ્સના 300 માર્કસ પ્રશ્નપત્ર માટે અઢી કલાકનો સમય આપવામાં આવે છે, જ્યારે બીજા ભાગમાં જનરલ એબિલિટીના 600 માર્ક્સના પ્રશ્નપત્ર માટે અઢી કલાકનો સમય આપવામાં આવે છે. તેમાં પ્રશ્નપત્રની ભાષા અંગ્રેજી અથવા હિન્દીમાંથી કોઇ પણ રાખી શકાય છે.
- આ પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીએ પુણેના ખડકવાસલા ખાતે તાલીમ લેવાની રહે છે.

***"કારકિર્દી પસંદગીમાં દેખાદેખી કે આંધળું અનુકરણ ન હોય."***

## SCRA (Special Class Railway Apprentice)



Sample output to test PDF Combine only

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) |
| હેતુ | રેલ્વેની સ્પેશિયલ એપ્રેન્ટિસ ક્લાસ ભરતી હેઠળ કારકિર્દી બનાવવા માટે |
| પરીક્ષા પદ્ધતિ | લેખિત પરીક્ષા અને પર્સનાલીટી ટેસ્ટના આધારે પ્રવેશ |
| વેબસાઇટ | www.upsconline.nic.in અને https://upsc.gov.in |

- રેલ્વેના સ્પેશિયલ સર્વિસ રિક્રુટમેન્ટમાં કારકિર્દી ઘડવા માટે UPSC (Union Public Service Commission) દ્વારા લેવાતી નેશનલ લેવલની SCRA ની પરીક્ષા આપવી જરૂરી છે.
- ઓફલાઈન મોડમાં લેવાતી આ પરીક્ષા વર્ષમાં એક વખત લેવામાં આવે છે.
- જનરલ એબિલીટી, ફિઝિકલ સાયન્સ અને મેથ્સ આધારિત 200 માર્ક્સના ત્રણ પેપરના કુલ 600 માર્ક્સની લેખિત પરીક્ષા અને પર્સનાલીટી ટેસ્ટ 200 માર્કસની લેવામાં આવે છે.
- આ માટેની જાહેરાત એમ્પ્લોયમેન્ટ ન્યુઝ પેપરમાં આપવામાં આવે છે.

***" મહેનત કરને વાલોં કી કભી હાર નહીં હોતી – થોડાક ફેરફાર સાથે... સાચી દિશામાં મહેનત કરને વાલોં કી... !!! "***



Sample output to test PDF Combine only

# BSF (Border Security Force)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 (વિજ્ઞાનપ્રવાહ) |
| હેતુ | સીમા સુરક્ષા દળની વિવિધ ભરતી હેઠળ કારકિર્દી બનાવવા માટે |
| પરીક્ષા પદ્ધતિ | લેખિત પરીક્ષા, ટાઇપીંગ સ્પીડ ટેસ્ટ, મેડિકલ ટેસ્ટ, પર્સનલ ઈન્ટરવ્યુ |
| વેબસાઈટ | http://bsf.nic.in |

- બોર્ડર સિક્યોરીટી ફોર્સ એટલે કે સીમા સુરક્ષા દળમાં કોન્સ્ટેબલ, ઈન્સ્પેક્ટર, ક્લાર્કની પોસ્ટ હેઠળ કારકિર્દી ઘડવા માટે તેની પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી છે. તેમાં પગારધોરણ સિવાય અન્ય લાભ અને ભથ્થા મળી શકે છે.
- આ પરીક્ષા માટે સ્ત્રી અને પુરુષ ઉમેદવાર પ્રવેશપાત્ર છે, જેમાં ઉંમર 18 થી 25 વર્ષ સુધીની હોવી જરૂરી છે.
- આ માટે લેખિત પરીક્ષા, ટાઇપીંગ સ્પીડ ટેસ્ટ, મેડિકલ ટેસ્ટ અને પર્સનલ ઈન્ટરવ્યુ લેવામાં આવે છે.
- લેખિત પરીક્ષામાં અંગ્રેજી/હિન્દી, જનરલ નોલેજ, ન્યુમેરિકલ એપ્ટિટ્યુડ, ક્લેરિકલ એપ્ટિટ્યુડ આધારિત ઓબ્જેક્ટિવ પ્રશ્નો હોય છે.

***"કારકિર્દી પસંદગીમાં શારીરિક ક્ષમતા, કામ કરવાની પદ્ધતિ, ફેમિલી બેકગ્રાઉન્ડ અને આર્થિક સ્થિતિ પણ મહત્વની છે"***



Sample output to test PDF Combine only

# સ્ટાફ સિલેક્શન કમિશન (SSC)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 પાસ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત |
| હેતુ | ગુજરાતની કેન્દ્ર સરકારની કચેરીઓમાં નોકરી મેળવવા માટે |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારની પ્રવેશ કસોટી |
| વેબસાઈટ | www.ssc.nic.in |

- સ્ટાફ સિલેક્શન કમિશન એ સમગ્ર ભારતની કેન્દ્ર સરકારની કચેરીઓ માટે સ્ટાફ ભરતીનું કાર્ય કરતી સંસ્થા છે. તેનું વડુ મથક ન્યુ દિલ્હી અને ઓફિસ ગુજરાત અને મુંબઈ ખાતે આવેલી છે.
- તેના દ્વારા ધો. 12 પાસ વિધાર્થીઓ માટે ક્લાર્ક, ડેટા એન્ટ્રી ઓપરેટર પ્રકારની વિવિધ ભરતી પરીક્ષાઓ ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવે છે.
- આ સિવાય કોન્સ્ટેબલ જનરલ ડ્યૂટી આધારિત ભરતી પણ ઉપલબ્ધ હોય છે. આ માટે લેખિત પરીક્ષા ઉપરાંત ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ આપવી પણ જરૂરી બને છે.
- આ સ્પર્ધાત્મક પરીક્ષા સામાન્ય જ્ઞાન, અંગ્રેજી, ન્યુમેરિકલ એબિલિટી જેવા વિભાગો હેઠળ હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં લેવામાં આવે છે. અમુક પરીક્ષ આ માટેના પરીક્ષા કેન્દ્ર અમદાવાદ સહિતના મુખ્ય શહેરો હોય છે.

*" આજના સ્પર્ધાત્મક યુગમાં હાર્ડવર્કની સાથે સ્માર્ટવર્ક કરવાની જરૂર છે. "*



Sample output to test PDF Combine only

# રેલ્વે રિક્રૂટમેન્ટ બોર્ડ (RRB)

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 પાસ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત |
| હેતુ | રેલ્વેની નોન-ટેક્નિકલ સ્ટાફમાં કારકિર્દી ઘડવા માટે ઉપયોગી |
| પરીક્ષા પદ્ધતિ | NTPC હેઠળ કમ્પ્યૂટર બેઝ્ડ ટેસ્ટ કુલ બે ભાગમાં લેવામાં આવે છે. |
| વેબસાઈટ | www.rrbcdg.gov.in અને www.rrbahmedabad.gov.in |

- ભારતીય રેલ્વેની નોન-ટેક્નિકલ સ્ટાફમાં કારકિર્દી ઘડવા માટે લેવાતી NTPC (Non Technical Popular Categories) ની પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી છે. ધો. 12 પાસ વિદ્યાર્થીઓ રેલ્વેના નોન-ટેક્નિકલ સ્ટાફ હેઠળ જુનિયર ક્લાર્ક કમ ટાઈપીસ્ટ, એકાઉન્ટ ક્લાર્ક કમ ટાઈપીસ્ટ, જુનિયર ટાઈમ કીપર, ટ્રેઈન ક્લાર્ક, કોમર્શીયલ કમ ટીકીટ ક્લાર્કની જગ્યા પર પ્રવેશ મેળવી શકે છે.
- આ સિવાય રેલ્વેમાં ગ્રુપ D ની ગેંગમેન, ટ્રેકમેન, પ્લેટફોર્મ પોર્ટર, ખલાસી, સફાઈવાળી વગેરેની પોસ્ટ માટે પણ ભરતી કરવામાં આવે છે, જેમાં મોટા ભાગે ફક્ત પુરુષ ઉમેદવારો જ અરજીપાત્ર હોય છે. આ માટે લેખિત અને મૌખિક પરીક્ષા ઉપરાંત ફિઝિકલ ફિટનેસ ટેસ્ટમાં પણ પાસ થવું જરૂરી છે.
- આ સ્પર્ધાત્મક પરીક્ષા કુલ બે ભાગમાં કમ્પ્યૂટર બેઝ્ડ ટેસ્ટ (CBT) લેવામાં આવે છે. પ્રથમ ભાગમાં જનરલ અવેરનેસ, મેથ્સ, જનરલ ઈન્ટેલિજન્સ એન્ડ રિઝનીંગ આધારિત કુલ 100 માર્ક્સની પરીક્ષા માટે 1.30 કલાકનો સમય આપવામાં આવે છે. ત્યાર બાદ બીજા ભાગમાં આ જ ટોપીક આધારિત 120 માર્ક્સની પરીક્ષા માટે 1.30 કલાકનો સમય આપવામાં આવે છે. તેમાં નેગેટીવ માર્કીંગ છે. તેમાં અમુક પોસ્ટ માટે ટાઈપીંગ ટેસ્ટ પણ લેવામાં આવે છે.



Sample output to test PDF Combine only

# તલાટી કમ મંત્રી / રેવન્યુ તલાટી

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 પાસ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત |
| હેતુ | ગુજરાતમાં જ રહીને મોભાદાર કારકિર્દી ઘડવા માટે |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારના 100 પ્રશ્નો, નેગેટીવ માર્ક 0.25, સમય 1 કલાક |
| વેબસાઈટ | https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in |

- તલાટીની ભરતી ગુજરાતના પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવે છે. આ પરીક્ષા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં લેવાય છે.
- તલાટી કમ મંત્રીની પરીક્ષા ફક્ત એક જ ભાગમાં લેવામાં આવે છે, જેમાં ફક્ત 100 માર્ક્સનું ઓબ્જેક્ટિવ પ્રશ્નો આધારિત પ્રશ્નપત્ર હોય છે, જ્યારે રેવન્યુ તલાટીની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવે છે, જેમાં ઓબ્જેક્ટિવ પ્રશ્નપત્ર સિવાય કમ્પ્યૂટર આધારિત પરીક્ષા પણ આપવાની રહે છે.
- આ માટેની પરીક્ષામાં ગુજરાતી ભાષા, ગુજરાતી વ્યાકરણ, અંકગણિત, અંગ્રેજી વ્યાકરણ, સામાન્ય જ્ઞાન અને બુધ્ધિચાતુર્યને લગતાં કુલ 100 ગુણનુ પ્રશ્નપત્ર હોય છે.
- લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થયા બાદ કમ્પ્યૂટર કાર્યક્ષમતા આધારિત 1.30 કલાકની પરીક્ષામાં ગુજરાતી ટાઈપીંગ, અંગ્રેજી ટાઈપીંગ, પ્રેઝન્ટેશન, એક્સેલ સ્પ્રેડશીટ, વર્ડ ડૉક્યુમેન્ટ અને ઈ-મેઈલ આધારિત 100 ગુણની પરીક્ષા લેવામાં આવે છે. અહીં, ખાસ નોંધ લેશો કે – ટાઈપીંગની ઝડપ, ચોક્સાઈ અને કલાકના કી ડીપ્રેસન્સ 5000 થી ઓછા ન હોય તે જરૂરી છે.
- તલાટી માટે પસંદગી પામ્યા બાદ ગુજરાતમાં કોઈ પણ જગ્યા પોસ્ટ મળે છે.

***"કારકિર્દી પસંદગીમાં જે તે કોર્ષની ભવિષ્યની ડિમાન્ડ અને તકો વિશે જાણવું જરૂરી છે."***



Sample output to test PDF Combine only

# સચિવાલય / બિન સચિવાલય

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ધો. 12 પાસ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત |
| હેતુ | ગુજરાતમાં જ રહીને મોભાદાર કારકિર્દી ઘડવા માટે |
| પરીક્ષા પદ્ધતિ | ઓબ્જેક્ટિવ પ્રકારના 200 પ્રશ્નો, નેગેટીવ માર્ક 0.25, સમય 1 કલાક |
| વેબસાઈટ | https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in |

- ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ, ગુજરાતી વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ, ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, સામાન્ય વિજ્ઞાન, એપ્ટિટયુડ ક્વોન્ટીટેટીવ, જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન, કમ્પ્યૂટરના ઉપયોગની પાયાની જાણકારીને લગતાં કુલ 200 ગુણનુ પ્રશ્નપત્ર હોય છે.
- લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થયા બાદ કમ્પ્યૂટર કાર્યક્ષમતા આધારિત 1.30 કલાકની પરીક્ષામાં અંગ્રેજી ટાઈપીંગ, ગુજરાતી ટાઈપીંગ, કમ્પ્યૂટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભ આધારિત 100 ગુણની પરીક્ષા લેવામાં આવે છે.

**તેજસ ઠક્કર**

એ-503, પરિષ્કાર-2, ખોખરા સર્કલ પાસે,

મણિનગર (પૂર્વ), અમદાવાદ-380026

• • •



Sample output to test PDF Combine only

**પ્રવેશ પરીક્ષામાં સફળ થવાની માસ્ટર - 'કી'**

જો વિદ્યાર્થી મિત્રોને સારી કોલેજ / ઈન્સ્ટિટ્યૂટ / યુનિવર્સિટીમાંથી સારો કોર્સ કરવો હોય, તો સ્પર્ધાત્મક પરીક્ષારૂપી વૈતરણી પાર કર્યા વિના છૂટકો નથી. આવી પ્રવેશ પરીક્ષા માટે ઉપયોગી સાહિત્ય બજારમાં ઉપલબ્ધ હોય જ છે, વળી તે માટેના કોચીંગ ક્લાસીસ પણ ઉપલબ્ધ હોય જ છે. આમ છતાંયે પ્રવેશ પરીક્ષા પાસ કરવામાં ઉપયોગી થઈ શકે તેવી કેટલીક ટિપ્સ ને માસ્ટર - 'કી' સ્વરૂપે જોઈ લઈએ. આ ગુરુચાવીઓ સામાન્ય રીતે પ્રવેશ પરીક્ષાઓમાં પુછાતા જુદા જુદા પ્રકારના પ્રશ્નોને આધારે બનાવી છે.

❖ **તર્ક / લૉજિકલ પ્રશ્નો :**

સારી તર્કશક્તિ ધરાવનારાઓ 'લૉજીકલ સ્માર્ટ' કે 'નંબર સ્માર્ટ' તરીકે ઓળખાય છે. તેઓ હંમેશા કોઈપણ બાબતમાં શા માટે ? (Why) કેવી રીતે ? (How) પ્રશ્નો પુછીને પોતાની સમસ્યાનું સમાધાન શોધતા હોય છે, જેમકે ઝાડ પરથી નીચે પડેલા સફરજનને જોઈને 'સફરજન નીચે જ કેમ પડ્યું ?' ઉપર કે ડાબી – જમણી બાજુ પર જ કેમ ન ગયું ? (Why) જેવા પ્રશ્નો પોતાની જાતને પુછીને ન્યૂટને 'ગુરૂત્વાકર્ષણ બળ' ની શોધ કરી હતી.

**ઉદાહરણ :** એક શર્ટને સૂકાતા 20 મિનીટ લાગતી હોય, તો 5 શર્ટને સૂકાતા કેટલી મિનીટ લાગે ?

**તર્કશક્તિ (Logic Power) કઈ રીતે વધારવી ? :**

1. તાર્કિક કોયડા વાળી રમતો રમવી. ગંજીફાના પાનાની રમતમાં પોતાની પાનાની બાજીને આધારે હરિફ પાસે કયા પાના હોઈ શકે, અથવા ચેસની રમતમાં પોતાની એક ચાલના બદલામાં હરિફ પાસે કઈ ચાલ રમવાના વિકલ્પો રહેશે, અને દરેક વિકલ્પનો મુકાબલો કઈ રીતે કરવો તે અંગેનો તર્ક લગાવવો.
2. જુદા - જુદા ધાર્મિક રીત - રિવાજો અને માન્યતાની તરફેણમાં વૈજ્ઞાનિક આધારો શોધવા.
3. વિવિધ વૈજ્ઞાનિક શોધની ઉત્પત્તિ અંગે જાણવું. સાયન્સ કીટ ખરીદીને જુદા જુદા પ્રયોગો કરવા.
4. નવરાશના દિવસોમાં મ્યુઝિયમ, સાયન્સ સેન્ટર, પ્લેનેટોરિયમની મુલાકાત લેવી. મિત્ર વર્તુળમાં તર્કબદ્ધ પઝલ (કોયડા) પુછવાની ટેવ પાડવી.
5. કમ્પ્યૂટરની વિવિધ લેંગ્વેજ જેવી કે C+++, JAVA વગેરે શીખવી.

**સારી તર્કશક્તિના ફાયદા :**

સ્પર્ધાત્મક પરીક્ષામાં પુછાતા અંકોની શ્રેણી (સ્ટેટેસ્ટીકલ ડેટા સિરીઝ), બે શબ્દો વચ્ચેનો સંબંધ (Analog), સામાન્ય અંક ગણિત (Arithmetic) ના પ્રશ્નો ઝડપથી ઉકેલાઈ જાય છે.

---

યુવા T20  140 થી વધુ બુદ્ધિઆંક (I.Q.) ધરાવનારાઓને પ્રતિભાશાળી (Genius) ગણવામાં આવે છે, પરંતુ સમગ્ર વિશ્વમાં આવા વિરલાઓની સંખ્યા માત્ર 0.4% જ છે !



Sample output to test PDF Combine only

❖ **સામાન્ય બુદ્ધિ / કોમન સેન્સના પ્રશ્નો :**

સારી સામાન્ય બુદ્ધિ શક્તિ ધરાવનારાઓ 'સેલ્ફ સ્માર્ટ' તરીકે ઓળખાય છે. તેઓ હંમેશા સમસ્યાઓનું સરળ સમાધાન શોધતા હોય છે. તેઓ જિંદગીની ફિલોસોફીને અન્યોને સામાન્ય શબ્દોમાં સમજાવતા હોય છે.

<u>ઉદાહરણ : **A**</u> 10 ફૂટ લાંબી પાઈપનો એક ટૂકડો કરતાં 1 કલાક થતો હોય, તો 10 ટૂકડા કરતાં કેટલાં કલાક લાગે ?

<u>ઉદાહરણ : **B**</u> દોડની સ્પર્ધામાં ત્રીજા ક્રમાંકે દોડતા સ્પર્ધકને ઓવરટેક કરીને આગળ આવનાર દોડવીર કયા ક્રમાંકે પહોંચશે ?

**સામાન્ય બુદ્ધિશક્તિ (Common Sense) કઈ રીતે વધારવી ? :**

1. વાંચનની ટેવ પાડવી. વાંચન કર્યા બાદ ચિંતન કરતા રહેવું. સમય મળે, ત્યારે ધ્યાન ધરવું.
2. દરરોજ રાત્રે સૂતા સમયે આખા દિવસમાં કરેલી પ્રવૃત્તિઓને અન્ય કઈ રીતે વધુ સારી રીતે કરી શકાઈ હોત નો વિચાર કરવો. શક્ય હોય, તો યોગાસન શીખી લેવા.
3. વિવિધ ધર્મ – સંપ્રદાયોના વિચારો જાણવા. શક્ય હોય તો ધર્મગુરુઓ તેમજ કથાકારોના પ્રવચનો સાંભળવા. દૃષ્ટાંત કથાઓ, બોધ કથાઓ, 'અકબર - બિરબલ' જેવી બુદ્ધિયુક્ત વાર્તાઓ વાંચવી.
4. નવરાશની પળોમાં બુદ્ધિશાળી મિત્રો, વડિલો, મોટા પિતરાઈઓ સાથે સમય પસાર કરવો.
5. અરીસાને ગુરૂ માનીને અરીસામાં જોઈને પોતાની જાતનું નિરીક્ષણ કરવું.

**સામાન્ય બુદ્ધિશક્તિના ફાયદા :**

સામાન્ય બુદ્ધિશક્તિને કારણે વિધાર્થીનો માત્ર બુદ્ધિઆંક (IQ = Intelligence Quotient) જ નહિં પણ સામાજીકતાનો આંક (SQ = Social Quotient) તેમજ આધ્યાત્મકિતાનો આંક (SQ = Spiritual Quotient) વધે છે.

**દૃશ્ય (Visual) / અશાબ્દિક (Non - Verbal) કસોટીના પ્રશ્નો :**

સારી અશાબ્દિક / દૃશ્ય શક્તિ ધરાવનારાઓ 'પિક્ચર સ્માર્ટ' તરીકે ઓળખાય છે. તેઓ શબ્દોમાં પણ ચિત્ર જોઈ શકવાની ક્ષમતા ધરાવતા હોય છે. સારી **દૃશ્ય** (Visual) **કે** અશાબ્દિક (Non- Verbal) શક્તિ ધરાવવા ઈચ્છૂકોએ પાબ્લો, લિયોનાર્દો દ્ વિન્ચી, વાન ગોગ, માઈકલ એન્જેલો વગેરેને પોતાના આદર્શ / આઈડોલ કે ગુરૂ માનવા જોઈએ.

<u>ઉદાહરણ :</u> A, E, I, W, <u> ? </u> .



Sample output to test PDF Combine only

**દૃશ્ય શક્તિ (Visual Efficiency) / અશાબ્દિક (Non - Verbal Efficiency) વધારવાના ઉપાયો :**

1. જુદા જુદા પ્રદેશોના નક્શાઓનો ઊંડાણથી અભ્યાસ કરવો. એક સ્થળેથી બીજા સ્થળે જવા માટેના જળમાર્ગ, રસ્તા માર્ગ તેમજ રેલમાર્ગનું નિરીક્ષણ કરવું.

2. બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, એરપોર્ટ, સિનેમાગૃહો, કોમ્પલેક્ષ, હાઈ-વે વગેરે જેવા સ્થળોએ ભાષાની મર્યાદાને દૂર કરવા મુકાયેલા સંકેતોનો રસપૂર્વક અભ્યાસ કરી આવા સંકેતોના વિકલ્પો વિચારવા. 3. જુદી – જુદી કંપનીઓના પ્રતિક (સિમ્બોલ) નો અભ્યાસ કરવો. એક સરખો ધંધો ધરાવતી કંપનીઓના સિમ્બોલમાં રહેલી સામ્યતા તેમજ તફાવત અંગેનો સહસંબંધ જોડવો.

4. વર્તમાનપત્રો, મેગેઝીનમાં આવતી આંખોથી ઉકેલવાની ગેઈમ રમવી જોઈએ. જેમ કે બે એક સરખા લાગતા ચિત્રોમાંથી શક્ય તેટલી ઝડપથી અને વધુ તફાવતો શોધવા. ભૂલ ભૂલામણી વાળા રસ્તામાં એક સ્થળેથી બીજા સ્થળે પેન / પેન્સીલના ઉપયોગ વગર આંખથી પહોંચવું.

5. રાત્રીના સમયે ચંદ્રમાંથી જોવા મળતી અને દર બે – ત્રણ દિવસે બદલાતા જે તે રાશીના ચિન્હો શોધવાની ટેવ પાડવી. તારાઓની હારમાળાને મગજમાં લીટી દોરીને જોડીને તેનું ચિત્ર બનાવવું.

6. સવાર તેમજ સાંજના સમયે વાદળો તરફ નિરીક્ષણ કરીને તેમાં છૂપાયેલું ચિત્ર જોવાનો પ્રયત્ન કરવો. ફોટોશોપ કે કોરલમાં ફોટાઓની ડિઝાઈન કરવી.

7. શક્ય તેટલાં વધુને વધુ 3D (થ્રી ડાઈમેનશન / ત્રિ પરિમાણીય) ચિત્રો જોવા અને શક્ય હોય, તો દોરવા. એન્જિનિયર, આર્ટિકેટ, આર્ટિસ્ટ, ડિઝાઈનરની મુલાકાત લેવી તેમની કૃતિઓનું નિરીક્ષણ કરવું. તેમાં ફેરફાર વિચારવા.

**સારી અશાબ્દિક / દૃશ્ય શક્તિના ફાયદા :**

લગભગ તમામ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અશાબ્દિક કસોટી / દૃશ્ય કસોટીના પ્રશ્નો પુછાતા જ હોય છે. ઊંડા ગાણિતીક જ્ઞાન વગર પણ દૃશ્ય કસોટીઓને સોલ્વ કરી શકવાની ક્ષમતા વધે છે.

**શાબ્દિક (Verbal) કસોટીના પ્રશ્નો :**

સારી શાબ્દિક શક્તિ ધરાવનારાઓને 'વર્ડ સ્માર્ટ' તરીકે ઓળખાય છે. ભાષાના શિક્ષકો, વકિલો, વક્તાઓ, રાજકીય નેતાઓની શાબ્દિક (Verbal) શક્તિ સારી ગણાય છે.

યુવા $T_{20}$  70 થી ઓછો બુદ્ધિઆંક (I.Q.) ધરાવનારાઓ મંદબુદ્ધિ સમાન ગણાય. જેની વસતી સમગ્ર વિશ્વમાં 2.3% જ છે !



Sample output to test PDF Combine only

ઉદાહરણ : પંખો : હવા, બલ્બ : ? .

(A) અંધારું (B) વીજળી (C) વિદ્યુત (D) પ્રકાશ

**શાબ્દિક (Verbal) શક્તિ વધારવાના ઉપાયો :**

1. શાળા / કોલેજોની વકતૃત્વ સ્પર્ધાઓમાં ભાગ લેવાની તકને ઝડપવી.
2. વિવિધ છાપા, મેગેઝીનોમાં આવતી ક્રોસવર્ડ પઝલોને સોલ્વ કરવી.
3. જુદી જુદી કંપનીઓની ટેગલાઇન, પંચલાઇનને યાદ રાખવી તેમજ સમજવી.
4. વિવિધ પુસ્તકમાં લેખક / કવિ દ્વારા લખાયેલી પ્રસ્તાવના તો વાંચવી જ.
5. સમય મળે ત્યારે કવિ સંમેલન, ડાયરો, મુશાયરો, પુસ્તક વિમોચન સમારંભમાં જવું.
6. વિવિધ સાહિત્યકારોના વ્યાખ્યાનો સાંભળવા, વિવેચકોના વિવેચનો વાંચવા.
7. ફિલ્મો, સિરીયલ્સ, નાટકોના સંવાદો અગાઉથી જ વિચારવા. સંવાગોના શબ્દોને બદલીને લખવા.
8. ફિલ્મો, સિરીયલ્સ, નાટકો વગેરે જોતી વખતે તેનો અંત વિચારવો.

**સારી શાબ્દિક શક્તિના ફાયદા :**

શાબ્દિક શક્તિ વધવાથી પ્રવેશ પરિક્ષાઓના અનુબંધ (Analog) પ્રકારના પ્રશ્નોને ઉકેલવામાં સરળતા રહે છે. તેમજ શાબ્દિક ભંડોળ (Vocabulary) સમૃદ્ધ બને છે.

**પ્રવેશ પરીક્ષાઓનું આખરી સ્ટેજ – G.D.P.I. (ગ્રૃપ ડિસ્કશન એન્ડ પર્સનલ ઈન્ટરવ્યુ)**

જ્યારે ડિયર સ્ટૂડન્ટ ભીડુ પ્રવેશ પરીક્ષાની લેખિત કસોટી પાસ કરીને પર્સનલ ઈન્ટરવ્યૂ (P.I.) ના અંતિમ તબક્કે પહોંચે ત્યારે પોતાની કારકિર્દીરૂપી જહાજ હવે છેક કાંઠે આવીને ડૂબી ન જાય, તેની બીક પણ સતાવતી હોય છે. આથી અહીં પર્સનલ ઈન્ટરવ્યૂમાં મહંદઅંશે પુછાતા પ્રશ્નોની ચર્ચા કરી છે, તેમજ ઈન્ટરવ્યૂના ભાગરૂપે યોજાતા ગ્રુપ ડિસ્કશન (G.D.) ની પણ ચર્ચા કરી છે. આશા છે, કે રોજગારી વાંચ્છુક યુવા વર્ગ માટે આ લેખ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ બની રહેશે.

---

યુવા T20  90 થી 109 નો બુદ્ધિઆંક (I.Q.) ધરાવનારાઓની વસતી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ 48% જ છે !



Sample output to test PDF Combine only

**પર્સનલ ઈન્ટરવ્યૂમાં પુછાતા પ્રશ્નો :**

1. **ફોર્મલ પ્રશ્નોને બદલે ઈનફોર્મલ પ્રશ્નો :** પર્સનલ ઈન્ટરવ્યૂની શરૂઆતમાં ઉમેદવારને પરંપરાગત ઔપચારિક પ્રશ્નો પુછવાને બદલે 'ઈન્ટરવ્યૂનું સ્થળ મળી ગયું ને ?', 'શોધવામાં તકલીફ નથી પડીને ?', 'ઠંડી / ગરમી કેવી પડે છે ?', 'તમે ક્યાંથી ?, કેવી રીતે આવ્યા ?' વગેરે જેવા ઈનફોર્મલ પ્રશ્નો પૂછીને ઉમેદવારનો આત્મવિશ્વાસ વધારવામાં આવે છે.

2. **મલ્ટીપલ / પૂરક પ્રશ્નો :** કેટલીકવાર ઈન્ટરવ્યૂઅરે પુછેલા પ્રશ્નોના ઉમેદવારે આપેલા જવાબને આધારે વધુ માહિતી મેળવવા પૂરક પ્રશ્નો પુછવામાં આવે છે. પૂરક / મલ્ટીપલ પ્રશ્નોને આધારે ઉમેદવારને જે તે ટોપિકનું ઊંડાણપૂર્વકનું કેટલું જ્ઞાન છે, તે ચકાસવામાં આવે છે. જોકે ઉમેદવારના પક્ષે એક મહત્વની બાબત એ છે, કે જે તે ટોપિકના પૂરક પ્રશ્નો પુછવાને કારણે અન્ય ટોપિકના પ્રશ્નો ઓછા પુછી શકાય છે. અહીં ઈન્ટરવ્યૂઅર દ્વારા 'શું તમારે જવાબ હંમેશા દરેક પરિસ્થિતિમાં આજ રહેશે ?' એમ પુછીને ઉમેદવારની વિચારશક્તિ / કલ્પનાશક્તિ ચકાસવામાં આવે છે.

3. **પડકાર ફેંકતા ચેલેન્જિંગ પ્રશ્નો :** કેટલીકવાર ઈન્ટરવ્યૂઅર, ઉમેદવારને પડકાર ફેંકે છે, આ માટે, તેઓ ઉમેદવારના જવાબ બાદ, "માફ કરશો, પણ હું આ અંગે તમારી સાથે સંમંત નથી," એમ કહીને ઉમેદવારને તેઓના જવાબની તરફેણમાં વધુ સારી સચોટ દલીલો કરવા માટે પ્રેરે છે.
   કેટલીકવાર ઈન્ટરવ્યૂઅર "તમે આવું ખાતરીપૂર્વક કઈ રીતે કહી શકો ?" કહીને ઉમેદવાર પાસેથી પૂરાવો પણ માંગે છે. પડકારયુક્ત પ્રશ્નો પુછવાનો આશય મહદ્અંશે ઉમેદવારનો આત્મવિશ્વાસ ચકાસવાનો હોય છે. કેટલીકવાર ઈન્ટરવ્યૂઅર "તમે આ સંસ્થામાં પ્રવેશ માટે પૂરતી લાયકાત ધરાવો છો, તેવું સાબિત કરો." જેવો પ્રશ્ન પણ પૂછે છે.

4. **કાયમી પૂછાતા પ્રશ્નો :** ઉમેદવારે કરેલી અરજી અને બાયોડેટાની વિગતો લઈને બેઠેલા હોય છે. આથી તેઓ બાયોડેટામાં અપાયેલી માહિતીને ઊંડાણથી પુછતા હોય છે. ખાસ કરીને જે – તે સ્ટ્રીમ પસંદ કરવાનું કારણ, ટકાવારી ઓછી આવવાનું કારણ જેવા પ્રશ્નોના જવાબમાં ઉમેદવારને નકારાત્મક કે હકારાત્મક અભિગમ રજૂ થાય છે તે જોવામાં આવે છે.

---

યુવા T20  "ન્યુરો પ્લાસ્ટીસીટી" ની શોધ થયા બાદ, 20 દિવસ સુધી દરરોજ 20 મિનિટની ચોક્કસ કસરત કરવાથી I.Q. માં 5 થી 10 પોઈન્ટનો વધારો થઈ શકે છે !



Sample output to test PDF Combine only

**સામાન્ય રીતે પર્સનલ ઈન્ટરવ્યૂમાં ઉમેદવારની ‘હોબી’ ખાસ પુછવામાં આવતી હોય છે.** ઉમેદવાર ઉત્સાહથી પોતાની હોબી જણાવે, એટલે તરત જ ઉમેદવારને તેની હોબીને લગતા પ્રશ્નો પુછવામાં આવે છે. આ પ્રશ્નોના જવાબમાં ઉમેદવાર થાપ ખાય, તો ઉમેદવારને પોતાની ગમતી હોબીના જ પ્રશ્નોના જવાબ આવડતા નથી તેવું સાબિત થાય છે. જે ઉમેદવાર માટે નુકશાનકારક બને છે.

અમુક પ્રકારની પર્સનલ ઈન્ટરવ્યૂમાં ‘લેંગ્વેજ નોન’ એટલે કે કેટલી અને કઈ કઈ ભાષાઓ જાણે છે, તેના પર ભાર મૂકવામાં આવે છે. અહીં ઉમેદવારે જે તે ભાષાનું સમજ પુરતું, બોલવા પુરતું કે લખવા – વાંચવા પુરતું જ્ઞાન છે, તે ચકાસવામાં આવે છે.

ઉપરોક્ત પ્રશ્નો ઉપરાંત ઉમેદવારનું પોતે જે સંસ્થામાં ઈન્ટરવ્યૂ આપી રહ્યો છે, તેની કેટલી જાણકારી છે, તે અંગેના પ્રશ્નો પણ હંમેશા પુછાતા હોય છે.

5. **ઓપન હેન્ડેડ પ્રશ્નો :** જે પ્રશ્નોના જવાબ ચોક્કસ હોય, તો તેને ‘ક્લોઝ્ડ’ પ્રશ્નો કહેવાય. જ્યારે જે પ્રશ્નોના જવાબ ચોક્કસ ન હોય, તેવા પ્રશ્નોને ‘ઓપન હેન્ડેડ’ પ્રશ્નો કહેવાય. અગાઉના જમાનામાં પર્સનલ ઈન્ટરવ્યૂમાં ‘ક્લોઝ્ડ’ પ્રશ્નો વધુ પુછાતા હતા. જ્યારે આજ-કાલ જોબ ઈન્ટરવ્યૂમાં ‘ઓપન હેન્ડેડ’ પ્રશ્નો વધુ પુછવામાં આવે છે.

ઓપન – હેન્ડેડ પ્રશ્નોના ઉદાહરણોમાં “દસ વર્ષો બાદ આ સંસ્થા કયા તબક્કે હશે ?”, “અગામી દસ વર્ષો બાદ આપ કયાં અને કઈ પરિસ્થિતિમાં હશો ?”, “તમે ફાયનાન્સ મિનીસ્ટર હોવ, તો કોર્પોરેટ સેક્ટર અંગે કેવી નીતિ ઘડશો ?” “વર્તમાન કાયદામાં કયા ફેરફાર કરવાની કે નવા કાયદા અમલમાં લાવવાની જરૂર છે ?” વગેરેનો સમાવેશ થાય છે.

ઓપન હેન્ડેડ પ્રશ્નોના જવાબ કોઈ ચોક્કસ કે રેડી રેકનર હોતા નથી. આવા પ્રશ્નોના જવાબ સ્થળ, સમય, પરિસ્થિતી મુજબ બદલાતા રહે છે. આથી ઉમેદવારે આવા પ્રશ્નોના જવાબની કોઈ ખાસ તૈયારી કરવાની રહેતી નથી.

પર્સનલ ઈન્ટરવ્યૂની સફળતાનો આધાર ઉમેદવારે પ્રશ્નોના જવાબ કયા આપ્યા છે, તેને બદલે જવાબ કઈ રીતે આપ્યા છે, તેના પર વધુ રહેલો છે. અહીં ઉમેદવારે પ્રશ્નોના જવાબ આપવામાં લીધેલો સમય, જવાબમાં ઉપયોગમાં લીધેલા શબ્દો, આરોહ – અવરોહ, બોડી લેંગ્વેજ વગેરેને વધુ મહત્વ આપવામાં આવે છે. ક્લોઝ્ડ પ્રશ્નોના જવાબમાં ઓછો સમય લાગતો હોય છે. જ્યારે ઓપન હેન્ડેડ પ્રશ્નોના જવાબને વીચારવામાં વધુ સમય આપવામાં આવતો હોય છે. એક અંદાજ મુજબ જોબ ઈન્ટરવ્યૂની સફળતાનો 15% આધાર ઉમેદવારે પ્રશ્નોના જવાબ આપવામાં લીધેલ સમય પર રહેલો છે.

---

યુવા T20  સારી કોલેજ / ઈન્સ્ટિટ્યૂટ / યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા પાસ કરવા માટે બુદ્ધિઆંક (I.Q.) 115 થી 125 હોવો જરૂરી છે.



Sample output to test PDF Combine only

ઉમેદવારની નીતિમત્તા ચકાસવા માટે "તમારી સફળતાનો યશ કોને આપશો અને કયા ક્રમમાં ? શા માટે ?" કે "તમારી નિષ્ફળતા માટે કોને કોને જવાબદાર ઠેરવશો ? કયા ક્રમમાં ? શા માટે ?" વગેરે જેવા પ્રશ્નો પુછવામાં આવે છે. જોબ ઈન્ટરવ્યૂમાં ઉમેદવારે પણ કામના કલાકો, કામની સ્થિતિ, કામની શરતો, રજાઓ વગેરેને લગતા પ્રશ્નો સમગ્ર ઈન્ટરવ્યૂ દરમિયાન વાત – વાતમાં પુછીને 'જોબ' ની સાથો સાથ 'જોબ સેટીસફેક્શન' પણ મળે તે જોવું જોઈએ.

**ગ્રુપ ડિસ્કશન (G.D.) :**

ગ્રુપ ડિસ્કશનમાં કોમન ઈન્ટરેસ્ટ ગ્રુપની સભ્ય સંખ્યાને બે કે વધુ વિભાગોમાં વહેંચી દેવામાં આવે છે. એક જ વિષયની બે બાજુઓ – પોઝિટીવ તેમજ નેગેટીવ એમ 'પક્ષ' અને 'વિપક્ષ' માં અલગ અલગ ગ્રુપના સભ્યોએ બોલવાનું રહે છે. બન્ને ગ્રુપના સભ્યો પોતાનું વ્યક્તિત્વ પરફોર્મન્સ ચડિયાતું રહે તે માટે ધારદાર દલીલો કરતા હોય છે. પોતાની રજૂઆત કરવા માટે દરેક સ્પર્ધકોને પૂરતો સમય તેમજ પેન – નોટબુકનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવે છે. અહીં રેફરી / ઓબ્ઝર્વરનો નિર્ણય અંતિમ રહે છે.

**1. ગ્રુપ ડિસ્કશન (G.D.) માં સફળતા મેળવવા માટે શું કરવું ? :**

- **પોતાના હરિફ સ્પર્ધકો સાથે સ્મિત સાથે હાથ મેળવવા, રેફરી તેમજ ઓબ્ઝર્વરને પણ સ્માઈલ આપીને બન્ને હાથ ભેગા કરીને 'નમસ્તે' કરવું.**
- **ગ્રુપ ડિસ્કશનના વિષયને સાંભળવામાં કોઈ કચાશ રહી ગઈ હોય, તેમ લાગે તો પૂરતી વિનમ્રતાથી રેફરીને જે તે વિષયનું શીર્ષક પુછી લેવું, વિષયને પૂરતો સમજ્યા બાદ જે વિષયની તરફેણમાં તેમજ વિરૂદ્ધમાં કેટલી અને કેવી દલીલ કરી શકશો તે વિચારીને ત્યારબાદ જ વિષયની તરફેણ કે વિરૂદ્ધમાં બોલવાનો નિર્ણય લેવો.**
- **જ્યારે અન્ય સ્પર્ધક રજૂઆત કરતો હોય, ત્યારે તેને સંપૂર્ણપણે શાંતીથી સાંભળવો અને તેની રજૂઆતના મુખ્ય મુદ્દાઓની નોંધ કરીને તેની વિરૂદ્ધમાં કઈ દલીલ થઈ શકે તે વિચારવું.**
- **જ્યારે રજૂઆત કરવાનો પોતાનો સમય આવે, ત્યારે 'તમારી રજૂઆત ખોટી છે.' તેમ કહેવાને બદલે 'માફ કરશો, પણ આ અંગે મારો મત આપના મત કરતાં તદ્દન અલગ છે.' અથવા 'તમે તમારી જગ્યાએ તમારા મત મુજબ સાચા હોઈ શકો છો, પણ મારા દૃષ્ટિકોણ મુજબ જોવા જઈએ તો...' કહેવું જોઈએ.**

---

યુવા T20  મેડિકલ - એન્જિનિયરીંગના ફિલ્ડમાં જવા માટે બુદ્ધિઆંક (I.Q.) 120 હોવો જરૂરી છે, જ્યારે લેખક, કવિ કે વિવેચક બનવા માટે બુદ્ધિઆંક (I.Q.) 135 જોઈએ !



Sample output to test PDF Combine only

**2.** ગ્રુપ ડિસ્કશન **(G.D.)** માં નિષ્ફળતાથી બચવા શું કરવું **? :**

- ક્યારેય હરિફ સ્પર્ધકની હાંસી ન ઉડાડવી. ચર્ચા દરમિયાન કોઈપણ ધર્મ / જ્ઞાતિ /દેશ / સરકાર તેમજ સરકારી નીતિની ટીકા ન કરવી. ગ્રુપ ડિસ્કશનએ કુસ્તીનો અખાડો ન માનવો. સ્પર્ધક / હરિફને દુશ્મન ન ગણવો.
- સમગ્ર ગ્રુપ ડિસ્કશન દરમિયાન પોતાની રજૂઆત મક્કમતાથી કરવી, પરંતુ ઉગ્ર કે આક્રમક ન બનવું. સમગ્ર ગ્રુપ ડિસ્કશન દરમિયાન બિન સંસદીય શબ્દોનો પ્રયોગ ન કરવો. કોઈ સ્પર્ધકની લાગણી દૂભાય તેવી રજૂઆત ન કરવી. બોલતી વખતે અચકાતા સ્પર્ધકની હાંસી ન ઉડાડવી. કોઈપણ હરિફથી બોલવામાં ભૂલ પડે, તો હસીને મજાક ન ઉડાડવી.
- રજૂઆત દરમિયાન આંકડાકીય માહિતી રજૂ કરવી પડે તો તે પ્રમાણભૂત (સ્ટાન્ડર્ડાઈઝ્ડ) હોય, તે જરૂરી છે.
- પોતાના હરિફ / સ્પર્ધકની વ્યૂહરચના (સ્ટ્રેટેજી / ગેઈમપ્લાન) નું આંધળું અનુકરણ ન કરવું.
- સમગ્ર ગ્રુપ ડિસ્કશન દરમિયાન લગભગ, મોટે ભાગે, કદાચ 99.99% આશરે જેવા શબ્દોનો ઉપયોગ ન કરવો.
- ગ્રુપ ડિસ્કશન દરમિયાન પોતાની બોડી લેંગ્વેજનું ખાસ ધ્યાન રાખવું. હરીફ સ્પર્ધક કરતાં વધુ સારી રજુઆત થાય, ત્યારે ખુશી થાયએ સ્વાભાવિક છે, પરંતુ તેના અતિરેકમાં હરિફ સ્પર્ધક સમક્ષ ‘થમ્સ ડાઉન’ જેવો નકારાત્મક ઈશારો કરવો નહીં.

**[**રાજેન્દ્ર ઉપાધ્યાય**,** ૩બી જીવન સ્મૃતી સોસાયટી**,** મીરામ્બિકા માર્ગ**,** નારણપુરા**,** અમદાવાદ-**380013** મોબાઈલ નં. **9327014077]**

---

યુવા T20  મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈને પોતાના વસીયતનામામાં પોતાના મૃત્યુ બાદ પોતાના મગજ પર સંશોધન કરવાની છૂટ આપી હતી. પરિણામે તેમના મગજના 240 ટુકડાઓ કરીને સંશોધન કરાયુ હતું. જે મુજબ તેમના મગજનું કદ સામાન્ય કદના મગજ કરતા 15% મોટુ અને બમણા કોષો ધરાવતુ જોવા મળ્યુ હતું !



Sample output to test PDF Combine only